આવકના દાખલા અંગેની કાર્યપધ્ધતિ તથા પ્રક્રિયા સંપૂર્ણપણે ડિજીટાઈઝ કરવા.

# ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2026/0423/A Section

સચિવાલય,ગાંધીનગર

તા.૧૮/૦૨/૨૦૨૬

વંચાણે લીધા:

(૧) આ વિભાગનો તા.૦૫/૦૩/૧૯૮૦નો ઠરાવ ક્રમાંક:- બીસીઆર-૧૦૮૦-ડાયરી-૩૨૧/હ

(૨) આ વિભાગનો તા.૦૭/૦૭/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક:-સશપ/૧૧૨૦૧૫/૫૦૦૨૭૮/અ

(૩) આ વિભાગનો તા.૦૫/૧૦/૨૦૧૫નો પત્ર ક્રમાંક:-સશપ/૧૧૨૦૧૫/૫૦૦૨૭૮/અ

(૪) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૧૬/૧૦/૨૦૧૯ના પરિપત્ર ક્રમાંક:-આઈટીપી/૧૦૨૦૧૯/૧૮૮૧૦૨/આઈ.ટી.

પ્રસ્તાવના:

વંચાણે લીધા ક્રમ: (૧) આગળના ઠરાવથી આ વિભાગ હેઠળના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા આર્થિક રીતે પછાત વર્ગોની વ્યક્તિઓને વિવિધ યોજનાઓનો લાભ મેળવવા માટે જરૂરી આવકના પ્રમાણપત્ર આપવા માટે સક્ષમ સત્તાધિકારીઓ નક્કી કરવામાં આવેલ. આ વિભાગના વંચાણે લીધા ક્રમ:(૨) આગળના ઠરાવથી આવકનું પ્રમાણપત્ર ઈશ્યુ થયાના નાણાંકીય વર્ષ સહિત ત્રણ નાણાંકીય વર્ષ માટે ગ્રાહ્ય રાખવાની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ. આ વિભાગના વંચાણે લીધા ક્રમ:(૩) આગળના પત્રથી આવકનું પ્રમાણપત્ર મેળવવા માટેની અરજીનો નમૂનો તથા આવકના પ્રમાણપત્રનો નમૂનો નક્કી કરવામાં આવેલ. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના વંચાણે લીધા ક્રમ:(૪) આગળના પરિપત્રથી ગ્રામ કક્ષાએ આવકનો દાખલો આપવાની સત્તા તલાટી-કમ-મંત્રીને આપવામાં આવેલ છે તેમજ આવકના દાખલા અંગેની અરજીનો નમૂનો તથા પ્રમાણપત્રનો નમૂનો પણ નક્કી કરવામાં આવેલ છે.

રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને આપવામાં આવતી ઉચ્ચ-વપરાશ ધરાવતી સેવાઓ પૈકીની આવકના પ્રમાણપત્રની સેવા ટોચની સેવાઓમાં સામેલ છે. રાજ્યના અરજદારો/લાભાર્થીઓને આવકના પ્રમાણપત્ર મેળવવા માટે બિનજરૂરી હાલાકીમાંથી પસાર થવું ન પડે તેમજ આવકનું પ્રમાણપત્ર આપનાર સક્ષમ સત્તાધિકારીઓને વહીવટી બોજામાંથી મુક્તિ મળે તે માટે આવકના પ્રમાણપત્ર આપવા અંગેની કાર્યપધ્ધતિનું સરળીકરણ કરવા તથા

ડિજિટાઈઝેશન કરવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

1) વંચાણે લીધા ક્રમ: (૧) આગળના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા આર્થિક રીતે પછાત વર્ગોના વ્યક્તિઓને આવકના પ્રમાણપત્ર આપવા માટે સક્ષમ સત્તાધિકારીઓ નક્કી કરવામાં આવેલ છે. જે સૂચનાઓ આથી રદ્દ કરવામાં આવે છે તેમજ હવે પછી આવકનું પ્રમાણપત્ર આપવા માટે નીચે મુજબના અધિકારીઓને સક્ષમ અધિકારીઓ તરીકે અધિકૃત કરવામાં આવે છે.
    - મામલતદાર (શહેરી વિસ્તાર માટે)
    - તાલુકા વિકાસ અધિકારી(ગ્રામ્ય વિસ્તાર માટે)
2) વંચાણે લીધા ક્રમ:(૨) આગળના ઠરાવ અનુસાર આવકનું પ્રમાણપત્ર તે જે નાણાંકીય વર્ષમાં ઈશ્યુ થયેલ હોય તે નાણાંકીય વર્ષ સહિત ત્રણ નાણાંકીય વર્ષ માટે માન્ય રહેશે. પરંતુ આ સમયગાળા દરમિયાન અરજદાર કે અરજદારના કુટુંબની આવકમાં જો ફેરફાર થયેલ હશે તો તે અંગેની સ્વૈચ્છિક જાણ આવકનું પ્રમાણપત્ર આપનાર સંબંધિત સક્ષમ અધિકારીને કરવાની સંપૂર્ણ જવાબદારી અરજદારની રહેશે. તદ્દપરાંત આવકના પ્રમાણપત્ર ઈશ્યુ કરનાર સક્ષમ અધિકારીએ આવકના પ્રમાણપત્રમાં સદરહુ પ્રમાણપત્ર કઈ તારીખ સુધી માન્ય રહેશે તેનો સ્પષ્ટ ઉલ્લેખ અંગ્રેજી તથા ગુજરાતી ભાષામાં કરવાનો રહેશે.
3) વંચાણે લીધા ક્રમ:(૩) આગળના પત્રથી આવકના પ્રમાણપત્ર મેળવવા માટેની અરજીનો નમૂનો તથા આવકના પ્રમાણપત્રનો નમૂનો નક્કી કરવામાં આવેલ છે. જે મુજબ અરજદારને ફોટો સાથેનું પ્રમાણપત્ર આપવાનું હોવાથી અરજદારે રૂબરૂમાં જ આવવાનું થતું હતું. તદ્દપરાંત અરજદારે સ્વકબુલાતનામુ અને તલાટી સમક્ષ રૂબરૂમાં જવાબ આપવા ઉપસ્થિત રહેવાની જોગવાઈ કરવામાં આવેલ હતી. પરંતુ હવે, આવકના પ્રમાણપત્રની સેવાના સરળીકરણ માટે તેમજ આવકના પ્રમાણપત્રની પ્રક્રિયા સંપૂર્ણપણે ડિજિટાઈઝ કરવાના હેતુથી સદરહું અરજીનો નમૂનો તથા આવકના પ્રમાણપત્રનો નમૂનો આથી રદ્દ કરવામાં આવે છે. જેના સ્થાને હવે, આવકના પ્રમાણપત્ર માટેની અરજીનો નમૂનો આ ઠરાવ સાથેના પરિશિષ્ટ-૧ મુજબ નિયત કરવામાં આવે છે. અરજદારે આવકનું પ્રમાણપત્ર મેળવવા માટે રજૂ કરવાની સ્વ-ઘોષણા (Self Declaration) નો નમૂનો પરિશિષ્ટ-૨ અને આવકના પ્રમાણપત્રનો નમૂનો પરિશિષ્ટ-3 મુજબ નિયત કરવામાં આવે છે. આ આવકનું પ્રમાણપત્ર મેળવવા માટે અરજદારે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અરજી કરવાની રહેશે.

4) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના વંચાણે લીધા ક્રમ: (૪) આગળના પરિપત્રથી તથા તેને આનુષાંગિક વખતોવખત થયેલ જોગવાઈઓથી ગ્રામ કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો મારફતે આવકના પ્રમાણપત્ર આપવા અંગે જે માર્ગદર્શક સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જે યથાવત રહેશે.
5) ઉક્ત જોગવાઈ મુજબ આવકનું પ્રમાણપત્ર મેળવવા માટે અરજદાર દ્વારા ખોટી વિગતો દર્શાવતી સ્વ-ઘોષણા (Self Declaration) રજૂ કરવામાં આવશે તો તે અંગેની સઘળી કાયદાકીય જવાબદારી અરજદારની રહેશે.
6) ડિજિટલ ઈ-સીલ તથા Single Sign-On (SSO) થી ઓથોરાઈઝડ થયેલા સંબંધિત અધિકારીનું નામ અને હોદ્દો દર્શાવતું આવકનું પ્રમાણપત્ર જ સક્ષમ અધિકારીએ ઈશ્યુ કરવાનું રહેશે.
7) આ ઠરાવની જોગવાઈઓનો ઓનલાઈન અમલ સંપૂર્ણપણે ન થાય ત્યાં સુધી આવકનું પ્રમાણપત્ર આપવાની હાલની વ્યવસ્થા યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી. પી. પટેલ)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, વિઠ્ઠલભાઈ પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા. ક. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. રા. ક. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીઓ/અગ્ર સચિવશ્રીઓ/સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર. (તેઓના તાબાના ખાતાના વડાઓ/કચેરીઓના વડાઓના ધ્યાન પર લાવવાની વિનંતી સહ.)
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (તેમના તાબા હેઠળની કચેરીઓના અધિકારીઓને યોગ્ય સૂચના આપવાની વિનંતી સહ.)
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(તેમના તાબા હેઠળની સંબંધિત કચેરીઓના અધિકારીઓને યોગ્ય સૂચના આપવાની વિનંતી સહ.)
- સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(ઉક્ત વ્યવસ્થા સંપૂર્ણપણે ડિજિટાઈઝ થાય તે માટે સંબંધિતોને યોગ્ય સૂચના આપવાની વિનંતી સહ)
- નિયામકશ્રી,વિકસતિ જાતિ કલ્યાણ, બ્લોક નંબર:-૯ નો પ્રથમ માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કો.સેલ., સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (પ્રસ્તુત ઠરાવ વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી સહ.)
- સિલેકટ ફાઈલ-૨૦૨૬.

# પરિશિષ્ટ-૧

## આવક અંગેનું પ્રમાણપત્ર મેળવવા માટેની અરજી

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2026/0423/A Section તા.૧૮/૦૨/૨૦૨૬નું બિડાણ**

અરજી નંબર:...........

અરજી તારીખ:..........

પ્રતિ,

શહેરી વિસ્તાર > મામલતદારશ્રી, તાલુકો..........જિલ્લો.............

ગ્રામ્ય વિસ્તાર > તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકો............જિલ્લો..........

**વિષય: આવક અંગેનું પ્રમાણપત્ર મેળવવા બાબત.**

૧) અરજદારનું પૂરૂં નામ (આધાર કાર્ડ મુજબ):.................................

૨) અરજદારના માતા/પિતા/ પતિ/ કાયદેસરના વાલી નું નામ:..............................

અ) નિરાધાર/અનાથના કિસ્સામાં કાયદેસરના વાલી નો આધાર નંબર જણાવવો.

૩) અરજદારનું પૂરું સરનામું

અ) કાયમી સરનામું (આધાર કાર્ડ મુજબ):........................................................

બ) હાલનું સરનામું:..............................................................................

(હાલના સરનામાં અંગેના પુરાવોનો પ્રકાર અને નંબર તથા હાલના સરનામાંનો જિલ્લો, તાલુકો અને ગામ/ શહેર સહિતની વિગતો જણાવવી.)

૪) અરજદારનો મોબાઇલ નંબર:........................................

૫) અરજદારનું ઇ-મેઇલ:................................................

૬) આવકનો દાખલો મેળવવા માટેનો હેતુ: લોન માટે/ શિષ્યવૃતિ/ સરકારી યોજના સહાય/ અન્ય ઉપયોગ

૭) અરજદારના નોકરી/ ધંધા/ વ્યવસાયની વિગત:........................................

અ) જો વ્યવસાય ખેતી હોય તો, ધારણ કરેલ જમીનની વિગત જણાવવી.

(જિલ્લો, તાલુકો, ગામ, ખાતા નંબર અને સરવે નંબર જણાવવો.)

બ) જો વ્યવસાય નોકરી હોય તો, પાન કાર્ડ નંબર જણાવવો.

૮) અરજદારની તથા તેના કુટુંબના તમામ સભ્યોની વાર્ષિક આવકની વિગત,

| ક્રમ | નામ | સબંધ | ઉંમર | આવકનો સ્ત્રોત (નોકરી/ ધંધો/ વ્યવસાય/ખેતી/પશુપાલન/સ્વ પાર્જિત સંપત્તિ થકી/વડિલો પાર્જિત સંપત્તિ થકી/ અન્ય સ્ત્રોત) | ગત નાણાકીય વર્ષની તમામ સ્ત્રોતો માંથી થતી કુલ વાર્ષિક આવક રૂ. |
|---|---|---|---|---|---|
| | | | | | |

૯) કુટુંબના કુલ સભ્યોની સંખ્યા:.................

અ) કમાનાર સભ્યોની સંખ્યા:..............

૧૦) કુટુંબની કુલ વાર્ષિક આવક રૂ........................

અ) અરજદારની પોતાની આવક રૂ....................

બ) અરજદારના માતા-પિતાની આવક રૂ............

ક) કુટુંબના અન્ય સભ્યોની આવક રૂ............

૧૧) વીજળી બિલનો ગ્રાહક નંબર:...........................................

અ) ગ્રાહકનું નામ અને સરનામું (વીજ કંપનીના રેકર્ડ મુજબ):........................................

બ) છેલ્લું વીજળી બિલ રૂ. (વીજ કંપનીના રેકર્ડ મુજબ): ...........................................

**બિડાણ:**

૧) હાલના સરનામાં અંગેના પુરાવાની નકલ.

૨) કુટુંબના કમાનાર દરેક સભ્યની દર્શાવેલ કુલ વાર્ષિક આવક અંગેના પુરાવાની નકલ.

અ) નોકરી કરતા હોય તો આવકનો પુરાવો (દા.ત. પગાર સ્લીપ/ફોર્મ નં. ૧૬/ઇન્કમટેક્ષ ભર્યાની નકલ વિગેરે).

બ) ધંધો/ વ્યવસાયના પુરાવા (દા.ત. ગુમાસ્તાધારાનું સર્ટીફીકેટ/ MSME સર્ટીફીકેટ/ GST નંબર વિગેરે).

ક) ગત નાણાંકીય વર્ષના સરવૈયાની નકલ તથા ઇન્કમટેક્ષ ભર્યાની નકલ.

## પરિશિષ્ટ-૨

## સ્વ-ઘોષણા(Self-Declaration)

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2026/0423/A Section તા.૧૮/૦૨/૨૦૨૬નું બિડાણ**

આથી હું, નામ..........................................ઉંમર........નોકરી/ધંધો/વ્યવસાય........... રહે......ગામ/શહેર......તાલુકો..........જિલ્લો......... ગુજરાત રાજ્યના રહેવાસી જાહેર કરું છું કે, મારા કુટુંબમાં કુલ.......સભ્યો છે. જે પૈકી કમાનારા સભ્યોની સંખ્યા.......છે અને અમારા કુટુંબની ગત નાણાંકીય વર્ષ........... ની તમામ સ્ત્રોતો માંથી થતી કુલ વાર્ષિક આવક રૂ.................... અંકે રૂપિયા................................. પુરા છે. ચાલુ નાણાંકીય વર્ષમાં અમોએ કોઈ આવકનો દાખલો મેળવેલ નથી તેમજ કુટુંબના તમામ સભ્યોની વિગત અને અમારી તમામ સ્ત્રોતો માંથી થતી કુલ વાર્ષિક આવક અમોએ જે દર્શાવી છે તે સાચી અને બરાબર છે. મારા દ્વારા આપવામાં આવેલ માહિતી અને અરજીના અનુસંધાને રજુ કરેલ દસ્તાવેજ/ બિડાણ મારી જાણ અને માન્યતા મુજબ સાચા છે અને તેમાં કોઇ બાબત છુપાવેલ નથી. હું જાણું છું કે ખોટી માહિતી કે દસ્તાવેજ રજુ કરવા એ કાયદા હેઠળ શિક્ષાને પાત્ર છે અને આવા સંજોગોમાં ખોટી માહિતી કે ખોટા દસ્તાવેજને આધારે મળેલ લાભ રદ થવા પાત્ર છે. અમારા કુટુંબની કુલ વાર્ષિક આવક બાબતે રજુ કરેલી માહિતી/ દસ્તાવેજો પૈકી કોઈપણ માહિતી/ દસ્તાવેજ ખોટા જણાય તો અમારી સામે ભારતીય દંડ સંહિતા અને ભારતીય ન્યાય સંહિતા ની જોગવાઇઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી શકાશે. ખોટી માહિતી રજુ કરવી તે ફોજદારી ગુન્હો બને છે, તે હકીકત અમો સારી રીતે જાણીએ છીએ.

વધુમાં અરજીમાં જણાવેલ તમામ હકીકતો પૈકીની કોઇપણ હકીકત ખોટી માલુમ જણાય કે અમોએ જાણી બુઝીને ખોટી હકીકત/ વિગત રજુ કરેલ હોવાનું ધ્યાને આવે તો અમોને આપવામાં આવતુ આવક અંગેનું પ્રમાણપત્ર રદ કરવામાં આવશે તે અમોને બંધનકર્તા રહેશે.

વધુમાં અમો એ પણ જાણીએ છીએ કે અમોને જે આવક અંગેનું પ્રમાણપત્ર ઇસ્યુ કરવામાં આવશે તે પ્રમાણપત્ર ઇસ્યુ થયાના નાણાંકીય વર્ષ સહિત ત્રણ નાણાંકીય વર્ષ માટે ગ્રાહ્ય રહેશે. આથી આ સમયગાળા દરમ્યાન મારી કે મારા કુટુંબની આવકમાં જો ફેરફાર થશે તો તે અંગેની સ્વૈચ્છિક જાણ આવકનો દાખલો આપનાર સક્ષમ અધિકારીશ્રીને કરવા માટેની બાંહેધરી આપું છું. જો આવક અંગેના વધારાની સ્વૈચ્છિક જાણ કરવામાં હું ચૂક કે કસૂર કરું તો તેની સંપૂર્ણ કાયદાકીય જવાબદારી મારી પોતાની રહેશે.

અરજદારનું નામ (આધાર કાર્ડ મુજબ) :........................................................................

અરજી નં..................................

અરજી તા.................................

| |
|---|
| અરજદારનો ફોટો<br>(આધાર કાર્ડ મુજબ) |

પરિશિષ્ટ–૩

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2026/0423/A Section તા.૧૮/૦૨/૨૦૨૬નું બિડાણ

સત્યમેવ જયતે

ગુજરાત સરકાર

આવકનું પ્રમાણપત્ર

| અરજદારનો ફોટો (આધાર કાર્ડ મુજબ) |
|---|

પ્રમાણપત્ર ક્રમાંક................

પ્રમાણપત્ર તારીખ...............

અરજી નં........................

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમાર/કુમારી...............................................શ્રી....................................ના પુત્ર/પુત્રી છે. તેઓ ગામ/શહેર................તાલુકો..........જિલ્લો................ ગુજરાત રાજ્યના રહીશ છે. તેઓના કુટુંબની ગત નાણાંકીય વર્ષ................. ની તમામ સ્ત્રોતો માંથી થતી કુલ વાર્ષિક આવક રૂ.........................અંકે રૂપિયા..................................પુરા થાય છે. જેની વિગત નીચે મુજબ છે.

૧. અરજદારની પોતાની આવક રૂ...............................

૨. અરજદારના માતા–પિતાની આવક રૂ.......................

૩. કુટુંબના અન્ય સભ્યોની આવક રૂ............................

કુલ વાર્ષિક આવક...................................

સદર પ્રમાણપત્ર નીચે મુજબના પુરાવાઓના આધારે આપેલ છે.

૧.

૨.

૩.

અધિકારીનું નામ :................

અધિકારીનો હોદ્દો:................

કચેરીનું નામ:.....................

નોંધ: Valid Up To Date:...........................

તા..............................સુધી માન્ય.

| QR CODE | Office Seal Image | Digitally Signed e-Seal |
|---|---|---|
| | | |

**Example:**

Example: 1140524010080582

Digitally signed by:
DS REVENUE DEPARTMENT 9
GOVERNMENT OF GUJARAT
Date: 13-01-2024 14:48:28 IST
MAMLATDAR OFFICE, BHAVNAGAR